જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૨/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૯૫/૨૦૨૩

**સાયબર ક્રાઈમઃ** રજનીકુમારી વા/ઓ નિશાંતભાઇ મીઠાઇવાલા (ઉ.વ.૩૧) (રહે. પારસનગર વિભાગ-૩ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૩ કલાક ૧૨/૩૦ થી તા.૦૯/૦૨/૨૦૨૩ સાંજના ૫/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૦૫૮૯૧૨૦૩ ના ધારકે રજનીકુમારી મીઠાઈવાલાને ફોન કરી એમેઝોન કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી વર્ક ફ્રોમ હોમમા કાયમી નોકરી આપવાની ઓફર આપી તેમજ સીટીસી ત્રણ થી સાડા ત્રણ લાખ આપવાની લોભાણી લાલચ આપી એમેઝોન કંપનીમાં ઇન્ટવ્યુ તથા પ્રોસેસીંગ ફીના નામે તેમજ બેંકમાં સેલેરી એકાઉન્ટ ખોલાવવા તેમેજ મેન્ટેન માટેની પ્રોસીઝર ફી પેટે કુલ રૂપિયા ૬૯,૫૧૦/- પેટીએમ નંબર ૮૩૬૮૧૪૭૧૩૦ માં ભરાવડાવી મેળવી લઇ નોકરી નહી અપાવી તેમજ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.કરમુર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૯૬/૨૦૨૩**

**કાલુપુરઃ** ખાડીયા પડીપોળ માણેક્ચોક માડવીની પોળ ખાતે રહેતા મનિષભાઈ દિલીપભાઈ ઠક્કરએ તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૩ રાતના ૧/30 થી કલાક 3/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ધના સુથારની પોળ બાવરીની પોળ સાસરી ખાતે મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મનિષભાઈએ તીજોરીમાં રાખેલ સોનાની વિંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિતેન્દ્રકુમાર શંકરલાલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૯૭/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** જીગ્નેશભાઈ સ/ઓ દશરથભાઈ પારેખ (રહે. દ્વારકેશ ગ્રીન્સ આનંદનિકેતન સ્કૂલ પાસે થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૪૫ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.જી.હાઇવે ગુજરાત હાઇકોર્ટ સામે સત્યમ ૬૪ ના બેઇઝ મેન્ટ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની ઇનોવા ક્રીસ્ટા કાર નંબર જીજે ૦૧ ડબલ્યુએચ 33૪૪ કિમત રૂપિયા ૨૦,૫૦,૦૦૦/- સત્યમ કોમ્પ્લેક્ષમાં "ઇલાઇટ પ્લસ સીક્યુરીટી"માં સીક્યુરીટી મેન તરીકે નોકરી કરતા પવનસિંધ મયુરપાલસિંધ ચૌહાણ ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી